નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ભીડમાં ભળતો એ માણસ ક્યાં ગયો ?
મન-મૂકી મળતો એ માણસ ક્યાં ગયો ?

ક્યાં ગયો આકાશ જેવું વિસ્તરી..
ખાલી નીકળતો એ માણસ ક્યાં ગયો ?

- દીપલ ઉપાધ્યાય 'ફોરમ'

પાથેય

- રમેશ ઠક્કર

આપણો પ્રયાસ...ઇશ્વરનો સહવાસ...

તમારું કિસ્મત ત્યારે જ ગણાય જયારે તમે કોઇકને સ્મિત આપી શકો..જગતમાં કોઇને કોઇ ઉદેશ સાથે કામ કરનારાઓનો તોટો નથી, પરંતુ નિરુદેશ રહીને કામ કરવાનો રસ્તો પણ ખોટો નથી. આપણે સ્વાર્થમય કોચલાને ભેદી બહાર નિકળીએ ત્યારે જ ખબર પડે છે કે વહેતી હવામાં કેટલી તાજગી ભરી હોય છે..!

એકધારી રીતે વહેતો સમય લાંબાગાળે માણસને શુષ્કતાનો અનુભવ કરાવે છે..વૈવિધ્ય વગરની ગતિની કોઇ દિશા ના હોઇ શકે..જીવનનો પટ ભાતીગળ છે..એનો વણાટ અચરજભર્યો છે..આપણે જો અભિગમ બદલીએ તો એક નવી આબોહવા આપણી આસપાસ ઉભી થઈ જાય છે..જેની તાજગી તરબતર કરી જતી હોય છે.

કોઇક માણસ માટે એવો ઇલ્કાબ સાંભળીએ કે 'એ તો કશા જ કામનો નથી.' ત્યારે એ શબ્દો મનુષ્યત્વના મરશિયા સમાન હોય છે...આપણી વચ્ચે એવા પણ માણસો જીવતા હોય છે જે પારકી છઠ્ઠીના જાગતલ જેવા હોય...જેના જીવવામાં પરાઇ પીડ ને પારખવાની ગજબ કોઠાસુઝ હોય છે.આપણે કશું જ નવું ના શોધીએ..આર્થિક કે સામાજિક વિકાસના કોઇજ ભૌતિક માપદંડો ભલે સિધ્ધ ના કરીએ..પરંતુ અન્યની અડચણને સ્હેજ જો સમજી શકીએ તો દુનિયાનાં દુઃખો માં અડધોઅડધ ઘટાડો થઇ જાય !

કયારેક આપણી નાનીસરખી સંવેદના કે પારમાર્થિક વૃત્તિ સામેની વ્યકિતના જીવનમાં પ્રચંડ ફેરફારો લાવી શકે છે. પોતાના માટે જ કરેલું કામ ઘરેલુ વ્યવહાર જેવું હોય છે.જેનો કોઇ પરિતોષ હોતો નથી..જરા હટકે નિઃસ્વાર્થ ભાવે કોઇકના જીવનને અજવાળવા મનો આપણે પ્રયાસ કરીએ ત્યારે એમાં ઇશ્વરનો સહવાસ અનુભવાય છે...એના માટે જગતમાં સેવા, ત્યાગ, બલિદાન, સમર્પણ, ફનાગીરી,પરમાર્થ કે કુરબાની જેવા શબ્દો પ્રચલિત હશે પણ એમાંથી મળતો આનંદ એકસરખો જ હોય છે...

ફકત સ્વકેન્દ્રી બની મને જીવવાની ઘટના મને ટુંકીદ્રષ્ટિ કહેવાય છે આપણે જયારે અન્ય મને સંવેદીએ છીએ ત્યારે આપણી નજર વ્યાપકતાનો એહસાસ કરે છે..એને વિશાળદ્રષ્ટિ કહેવાય...આપણામાં રહેલો વૈષ્ણવજન એનાથી પુલકિત થાય છે..'મારું..મારું' કરતો સમાજ વિકસિત હોય છતાં બિમારુ હોઇ શકે..અભાવો માં જીવતો સમુદાય એકમેક ને સહાયક થવાના સદગુણ થકી ગૌરવશાળી હોઇ શકે..

કયારેક આપણી સમત્વથી જોવાની એક નાનીસરખી ચેષ્ટા મસમોટા મહાપ્રયાસ કરતાં વધારે પુણ્યશાળી હોય છે..સવાલ આપણી બંધિયાર માનસિકતાને એક નિસ્વાર્થ છાલક થકી સંકોરવાનો છે..અનેક ક્ષણો માત્ર આપણે જ માટે જીવતા આપણે એકાદ પળ નિરુદેશે અન્યને માટે પણ ગાળીએ તો આપણું અંતર કોઇક અજાયબ ચેતનાથી ઝંકૃત થઇ જતું હોય છે...આવી તકો જીવનમાં ઝડપી લેવા જેવી હોય છે..જીવન એટલે સાર્થક ક્ષણોનો સરવાળો...

એકવીસમા વર્ષે જ પરણી જવું ફરજિયાત નથી

તંત્રીસ્થાનેથી...

છોકરીઓ માટે લગ્ન માટેની 'સારી' ઉંમર કઈ ગણાય ? આપણા પૂર્વજો તો કન્યા રજસ્વલા થઈ જાય એટલે પરણવા લાયક બની ગઈ એમ માનતા રહ્યા છે. રાષ્ટ્રપિતાએ રાષ્ટ્રમાતા સાથે સપ્તપદીના ફેરા ફર્યા ત્યારે એમની ઉંમર પંદર વર્ષની હતી અને કસ્તુરબા ફક્ત તેર વર્ષનાં હતા. બહુ કાચી વયે એક બાળકના પિતા પણ બની ગયા હતા. જે લાંબુ જીવ્યું નહોતું. કાયદો ઘડાયા પછી પણ ગ્રામીણ સમાજ બાળલગ્નોથી મુક્ત નથી થઈ શક્યો. રબારી સમાજથી લઈ અન્ય તળપદા સમાજો બહુ નાની ઉંમરે ઢીંગલા ઢીંગલીનાં લગ્ન પતાવી દે છે. પછી કન્યા સાસરે ભલે મોટી થઈને આવે. એટલે કાયદો ઘડવો સહેલો છે પણ એન અમલ કરાવવો અઘરો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તર વર્ષે પરણી ચૂક્યા હતા તે સર્વવિધિત છે. પરણ્યા પછી વૈરાગ્ય જાગ્યો અને ગૃહત્યાગ કરી બહાર નીકળી ગયા. મુખ્યમંત્રી થયા પછી ગામમાં પગ મૂક્યો ! આપણાં પૂર્વજો વહેલાં લગ્ન કરી લેતા. કાચી વયની સ્ત્રીને પ્રેગ્નંટ કરી દેતા. સુવાવડો પર સુવાવડો આવતી રહેતી. સ્ત્રી બિચારી ચૂંથાઈને ચીંથરું થઈ જતી. એ અધવચ્ચે ગુજરી જતી તો વરરાજા ફેરવાયકા ઘોડે ચડતા. ઝવેરચંદ મેઘાણીની જાણીતી વાર્તા 'વહુ અને ઘોડો' ના વાંચી હોય તો વાંચવા જેવી છે. શેઠ એ જમાનામાં મોટરો નહોતી એટલે ઘોડાગાડી રાખતા. ઘોડો જૂનો થાય કે માંદો થઈ મરી જાય એટલે તરત નવો ઘોડો આવી જતો. એવું જ શેઠાણી વિશે પણ સમજવું. સ્ત્રીને ભારતીય સમાજ તો 'ભોગ્યા' જ ગણતો રહ્યો છે અને ગમે તેટલા સ્ત્રી તરફી કાયદા કર્યા છતાં પુરુષનું વર્ચસ્વ અકબંધ રહ્યું છે. ઈંદિરા ગાંધી વડાપ્રધાન બન્યાં એ તો હિંદી બેલ્ટના નેતાઓને મોરારજી દેસાઈ નહોતા ખપતા એ કારણસર બનાવવા પડેલાં. પછી એમણે હીર બતાવ્યું એ જુદી વાત છે. સ્ત્રીઓની અનામત સરપંચ બેઠકો ભરાય છે ખરી પણ વહીવટ કોણ કરે છે તો સૌ જાણે છે. આપણા દેશમાં છોકરા માટે એકવીસ વર્ષે અને છોકરીઓ માટે અઢાર વર્ષનો કાયદો લગ્ન સંદર્ભે અસ્તિત્વમાં છે. આથી લિંગભેદ જરૂર સમજાય છે. પરંતુ એ કાયદો ઘડનારાઓને વિજ્ઞાનને આધારે કાયદો ઘડ્યો હતો. છોકરાના પ્રમાણમાં છોકરી વહેલી પરિપક્વ બની જાય છે. 'ષોડશી' ના સૌંદર્યની રોમાંચક કથાઓ આપણા કવિઓ-કથાકારો રચી ગયા છે. સ્વીટ સિક્સ્ટીન અને સ્વીટ સેવન્ટીન વળી ચુલબુલી વાતો વાગોળવાનું ઘરડેરાંને પણ ગમતું રહ્યું છે. સ્ત્રીની શરીર રચના જુદી છે. એ મા બનવા જન્મે છે. અને માતૃત્વ ધારણ કરવાની ક્ષમતા તો રજસ્વલા બનતાંની સાથે આવી જતી હોય છે. જો કે પશ્ચિમના તજજ્ઞોએ માતૃત્વ માટેની સૌથી શ્રેષ્ઠ ઉંમરનું વર્ષ ત્રેવીસમા વર્ષને ગણ્યું છે. સમય અને સંજોગો બદલાતાં સ્ત્રી હવે પુરુષો સમોવડી બની છે અને ઘરકૂકડી થઈને રહેવા તૈયાર નથી. પ્રેમ કરવાની ઉંમરે એ યુવકોની જેમ અભ્યાસ કરતી હોય છે અને લગ્નને એક બંધન માની શક્ય એટલું પાછું ઠેલવા પ્રયાસ કરે છે. જૂના જમાનાના 'વફાદારી' કે 'પતિવ્રતા'ના ખ્યાલો હવે હાસ્યાસ્પદ બની ગયા છે. લગ્ન વગર પણ સેક્ય માણી શકાય છે. લગ્ન માટેની વયમર્યાદા સરકાર નક્કી કરે એ પણ એક વિડંબના જ છે. પરંતુ અઢારને બદલે એકવીસ કરવાથી છોકરીને માબાપ વહેલી વહેલી પરણાવી નહીં શકે અને એને ભણીગણી કરિયર બનાવવાની તક રહેશે એવી દલીલમાં પણ થોડું વજુદ તો છે જ. વડાપ્રધાને 'બેટી બચાવો, બેટી પઢાવો' ની આહલેક શરૂ કરી હતી અને લાલ કિલ્લા પરથી જ દીકરીની લગ્નવય છોકરાઓની જેમ એકવીની કરી આપવાનું વચન આપ્યું હતું તે પાળ્યું છે. એથી બાળલગ્નો પર નિયંત્રણ આવશે અને બહેનોને સારું લાગશે કે હાશ, વહેલાં વહેલાં સાસુની શિખામણોમાંથી - વધુ નહીં તો - ત્રણ વરસ માટે તો મોદી સાહેબે છોડવ્યાં! જો કે આ કાયદો ભવિષ્યમાં આવનારા 'કોમન સિવિલ કોડ'ની પૂર્વભૂમિકા અથવા પૂર્વ સંકેત હોય તો એ જરૂર આવકારદાયક લેખાશે. બાકી કાયદો તો એવો હોવો જોઈએ કે દીકરીને કોઈ પણ વયે કોઈ પણ સમાજ પરણાવી દેવા કે પરણી જવા મજબૂર ના કરી શકે.

કોરોના અને શિયાળો : શિયાળામાં કોરોના વધે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાલાલ, ડાહ્યાલાલ અને ટીમ સમયસર પોતાની જગ્યાએ બેસી ગઈ હતી.

વાતાવરણમાં ઠંડક હતી. ગઈ સાલના પડેલા સ્વેટર અને ટોપી શોધીને પગમાં મોજા પહેરીને બધા બેઠા હતા. કોઈ કાંઈ બોલતું નહોતું. ખાલી ઠંડો પવન કંઈક બોલતો હતો. કોઈને કંઈ ખબર નથી પડતી કે આ ઠંડો પવન શું કહી રહ્યો છે. ગાંડાલાલથી રહેવાયું નહીં.... અરે ભાઈ... કંઈક તો બોલો... ઠંડીમાં બધા ઠરી ગયા હોઈએ એવું લાગે છે....

હજી તો શિયાળો ચાલુ થયો છે... ઠંડી વધવાની છે. ડાહ્યાલાલ બોલ્યા.... હા, ગાંડાલાલ તમારી વાત સાચી છે. ઘરમાં અત્યારે તો ગુંદરપાક, મેથીપાક, કચરીયું, સૂંઠની લાડુરીયો, આદુનો હલવો બનાવવાની સિઝન ચાલુ થઈ ગઈ છે. સવારે ઊઠીને સરસ મજાનો મેથીનો ગોળ અને ઘી સાથે બનાવેલો મેથીનો લાડુ ખાવાનું એળી તો મજા આવે છે કે ના પૂછો વાત....

લીલી હળદર, લીલી ડુંગળી રોટલો, રીંગણનું શાક, ઊંધિયું ખાવાની મજા પડે છે... શિયાળો એટલે હેલ્ધી સિઝન. ખાવા પીવાની મજા....

આમ તો સ્વર્ણિમ પાર્ક બારેમાસ ખાલી હોય છે પણ જેવો શિયાળો ચાલુ થાય એટલે સવારે પાંચ વાગ્યાથી લોકોના ટોળેટોળાં ભેગા થાય છે. કોઈ ચાલતા હોય છે. કોઈ દોડતા હોય છે કોઈ યોગ કરે છે અને કોઈ રજનીશના ભક્તો સંગીત ઉપર ડાન્સ કરીને ધ્યાન કરતા હોય છે. હવે કેટલો કોને ફાયદો થાય છે એ કહેવું મુશ્કેલ છે પણ લોકો આનંદ લે છે અને મથ્યા કરે છે. શું કરવું ? અને શું ન કરવું ? એની મથામણ ચાલ્યા કરે છે. જીમ અને કસરતનાં વર્ગો બધા ફુલ થઈ ગયા છે. ગાંડાલાલ બોલ્યા, ડાહ્યાલાલ આ તો સારું છે લોકો પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારવા આ બધુ કરી રહ્યા છે. મે તો રોગપ્રતિકારક શક્તિ વધારવા કવચ ખાવાનું ચાલું કર્યું છે. ડાહ્યાલાલ બોલ્યા કવચ એટલે શું ? ગાંડાલાલે કહ્યું કવચ એટલે બધા જ ગરમ પદાર્થો ભેગા કરીને ઘીમાં બનાવીને ખાવાનું. હા ગાંડાલાલ બરાબર છે એ પણ સારું છે.

વિપુલથી રહેવાયું નહીં પણ ભાઈ કોરોનાનું શું ? ઓમિક્રોનથી એક મૃત્યુ તો લંડનમાં નોંધાયું. ભારતમાં પણ સારા એવા પ્રમાણમાં ઓમિક્રોન કોરોના ફેલાયો છે. શિયાળામાં કોરોના વધશે ? એ પ્રમાણે ઓમિક્રોન કોરોના ભારતમાં ડિસેમ્બરના અંતથી પંદર જાન્યુઆરી સુધી ખુબ જ પ્રમાણમાં જોવા મળશે. ઓમિક્રોન કોરોના ખૂબ ઝડપથી ફેલાય છે. એટલે જરા પણ તાવ, ઉધરસ, શરદી થાય તો કોરોનાનો રિપોર્ટ અચુક કરાવી લેવો. જેથી તમે તમારું કુટુંબ અને સમાજને બચાવી શકો. તમારા માટે અને સમાજ માટે જરા પણ તકલીફ હોય તો કોરોનાનો ટેસ્ટ અચુક કરાવી લેવો. હવે તો સરકારે ટેસ્ટની કિંમત પણ ખૂબ જ ઘટાડી દીધી છે. લેબમાં જઈને કરાવો તો ૪૦૦ રુપિયામાં કરી આપે છે. અને ઘરે બોલાવો તો ૫૫૦ રુપિયામાં કરી આપે છે. એટલે એક કરતા વધારે કોરાનાનો ટેસ્ટ કરાવો હોય તો પણ મોંઘું પડે એમ નથી. કોરોનાનો ટેસ્ટ કરાવી નિશ્ચિત બની જાવ. જેમ ગાંડાલાલે કહ્યું તેમ તમારી રોગપ્રતિકારક શક્તિ વધારો તો ઓમિક્રોન તમારું કંઈ બગાડી નઈ શકે.

દિન મહિમા

- **આંતરરાષ્ટ્રીય લઘુમતી હક દિવસ**

  સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા લઘુમતી જાતિના અધિકારોની રક્ષા, રાષ્ટ્ર નિર્માણમાં યોગદાનના રુપમાં લઘુમતી ક્ષેત્રમાં વિશેષ તેમની ભાષા, જાતિ, ધર્મ, સંસ્કૃતિ, પરંપરા વગેરેની સરુક્ષાને સુનિશ્ચિત કરવાના હેતુથી ઊજવવામાં આવે છે.

- **આંતરરાષ્ટ્રીય સ્થળાંતર દિવસ**

  વિશ્વમાં સ્થળાંતર કરનારાઓની મોટી અને વધતી સંખ્યાને ધ્યાનમાં લઈને સંયુક્ત રાષ્ટ્રએ આજના દિવસને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર દિવસની ઘોષણા ૪ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ કરી હતી.

આજનું

ઔષધ

- કાચા, પાકા બોર કે બોરનું અથાણું ખાવાથી કે બોરનું શરબત પીવાથી, કોઈ પણ સ્વરુપે બોરનું સેવન કરવાથી અલ્સર મટે છે.

ખડખડાટ

- સંબંધીના ઘરેથી નીકળતી વખતે બાઈકની ચાવી લેવા જેવો ખિસ્સામાં હાથ નાખ્યો ત્યાં સંબંધી બોલ્યા,

  બાળકોને પૈસા ના આપવાના હોય...

  મારે પરાણે ૧૦૦ આપવા પડ્યા...

આજનો

વોટ્સએપ

- તાકાત, વિચારમાં રાખો પોતાના અવાજમાં નહિ કારણ કે,
  અનાજ વરસાદથી ઊગે છે તોફાનથી નહિ.

દાન અલગારીની મધુર સ્મતિ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

''દાન અલગારી'' જેવા વિદ્યાના ઉપાસક અને જાણતલ આપણી વચ્ચેથી લાંબા ગામતરે ગયા તેનો આઘાત અનેક સાહિત્ય પ્રેમીઓએ હાડોહાડ અનુભવ્યો. તખતદાન રોહડિયા નામધારી આ કવિને જગત દાન - અલગારી તરીકે ઓળખે છે અને ચાહે છે. કવિ આ જગતમાં રહેતા હોવા છતાં જાણે આ દુનિયાના માણસજ ન હતા. રાજકોટ ખાતે હેમુ ગઢવી હોલમાં તા.૨૮/૧૨/૨૦૧૭ના રોજ પૂ. મોરારીબાપુની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં દાન-પ્રેમી ભાવકો મળ્યા. દાનને અંતરથી શ્રધ્ધાંજલિ આપતા અનેક આંખો ભીની થઈ. પૂ. બાપુએ દાન અલગારીને ભાવપૂર્વક શ્રધ્ધા સુમન અર્પણ કર્યા. દાન અલગારી તરફ અનેક સાહિત્યપ્રેમીઓએ દર્શાવેલો સ્નેહ ભાગ્યેજ જોવા મળે તેવી ઘટના છે. જગતે જે અનેક ચીજોને બાતલ ગણી – નિરથર્ક ગણી તેવી બાબતોને જીવનમાં સ્વેચ્છાએ સામીલ કરીને દાન થોડું નોખું તથા નિરાળું જીવતર જીવી ગયા. એમના જીવનનું ગણિત જાણે કે જૂદુંજ હતું. જગતના કહેવાતા વ્યવહારું ડહાપણમાં બાંધી શકાય તેવા આ 'દાન' ન હતા.

દાન અલગારી જીવનની અનેક વિષમતાઓ વચ્ચે પણ દુષ્કાળમાંયે ડૂકે નહિ તેવી અનેરી મોજનું દર્શન કરી - કરાવીને ગયા. જીવન મળ્યું છે તે તો કુદરતની અમૂલ્ય દેન છે. આથી આ જીવતર તો મોજનો - આનંદનો દરિયો છે તેવો સંદેશ કવિ દાન અલગારીની નીચેની અમર થવા સર્જાયેલી રચનામાં ધબકતો દેખાય છે. અલખ ધણીની ખોજનું મૂળ એતો મોજમાં - મસ્તીમાં રહેલું છે તેવી કવિની વાત અનેક લોકોએ ખોબે અને ધોબે વધાવી લીધી છે.

મોજમાં રેવું મોજમાં રેવું મોજમાં રેવું રે
અગમ અગોચર અલખ ધણીની ખોજમાં રેવું રે
ગોતવા જાવ તો મળે નહિ ગોત્યો ગહન ગોવિંદો રે
ઈ હરિભક્તોના હાથ વગો છે પ્રેમ પરખંદો રે
આવા દેવને દીવો કે ધૂપ શું દેવા
દિલ દઈ દેવું રે.. મોજમાં રેવું..

આપણાં લોકસાહિત્યનું આકર્ષણ સમગ્ર સમાજને નિરંતર રહેતું આવેલું છે. તેમાં કદી ઓછપ આવી નથી. તળના આ સાહિત્ય સાથેનો લોકોનો લગાવ વધતો હોય તેમ પણ જણાય છે. આમ થવાના અનેક કારણો હશે તેમ માની શકાય. આવા કારણો પૈકી એક મહત્વનું કારણ આ સાહિત્યના સમર્થ વાહકો છે. દરેક સમયે લોકસાહિત્યની રસલ્હાણ કરનારા મર્મી કલાકારો આપણે જોયા છે અને તેમની કળાને આકંઠ માણી છે. કવિ શ્રી કાગ અને મેરુભાથી માંડીને હેમુ ગઢવી તથા લાખાભાઇ ગઢવી સુધીના સ્વનામધન્ય કલાકારોએ લોક સાહિત્ય – ચારણી સાહિત્યના ધોધમાર પ્રવાહને લોક દરબારમાં વહાવ્યો છે. આવા મીઠા અને મર્મી સર્જક – સાહિત્યકારોને જગતે ખોબે અને ધોબે વધાવ્યા છે. નૂતન યુગના અનેક કલાકારોએ પણ પોતાની આગવી પ્રતિષ્ઠા ઊભી કરી છે. ભીખુદાનભાઇ (જૂનાગઢ) જેવા અનુભવોથી સમૃધ્ધ તથા સમર્થ સરસ્વતી સાધકની ઉપાસનાનો ઉજળો પ્રતિસાદ ભારત સરકારે પણ આપેલો છે. ભીખુદાનભાઈને તેમજ કવિ દાદાને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા તે વાત ફરી એક વખત આ સાહિત્યની તથા તેના વાહકોની ગુણવત્તાની તેમજ સંસ્કારીતાની શાખ પૂરે છે. ભાઇ તખતદાન રોહડિયા આ ઉજળી આકાશગંગાનાજ એક ઝળહળતા સીતારા સમાન છે. અલગારી દાનની સાહિત્ય સેવા અનોખી છે તથા અલગ મીજાજ ધરાવે છે. દાનની એક વિશિષ્ટ શૈલિ હતી. જાહેર કાર્યક્રમોમાં મંચ પર તેઓ જેટલા ખીલતા હતા તેટલીજ અસરકારકતાથી તેઓ સાહિત્ય મર્મીઓના નાના એવા ઘર ડાયરે પણ મહોરી ઉઠતા હતા. અલગારી દાન ''મેમાન'' થાય તેની રાહ ઘણાં લોકો જોતા હતા. દાન જેવા રંગદર્શીઓના તો તળિયા તપાસીએ તોજ તેમની ભવ્યતાનો ખરો ખ્યાલ આવી શકે.

દાન અલગારી સંબંધોની મૂડી તથા સક્ષ્ણોની હૂંફ મેળવીને આયખું જીવી ગયા. પૂજ્ય મોરારીબાપુ તથા શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલાના સ્નેહનો નિરંતર પ્રવાહ દાન તરફ હમેશા વહેતો રહ્યો. નાગેશ્રીના સુરગભાઇ વરુ તથા તે વિસ્તારના સમગ્ર કાઠી ડાયરાના સ્નેહથી દાન ભીંજાતા રહ્યા. અનેક સાહિત્ય પ્રેમીઓને ''હમણાં દાન દેખાયા નથીલ્લલ્લ તેવી ફરિયાદ કરતા સાંભળ્યા છે. અચાનક દાન અલગારી મળે ત્યારે આવા સ્નેહીઓને અષાઢી મેઘની વાદળીના દર્શન થયા હોય તેવો ભાવ થતો હતો. સંબંધોની આ મૂડી ઊભી કરવી અને તેને જીવન પર્યંત સાચવવી તે કોઇ નાની સુની સિધ્ધિ નથી. આમ થવા પાછળનું એક કારણ એવું પણ હોઇ શકે કે દાન અલગારી નામની આ હસ્તીને બરાબર ખબર હતી કે તે શબ્દના સોદાગર છે. એ જે કરે છે તે તો અમૂલ્ય હીરાનો વેપાર છે.

દાન અલગારીએ જે ઉજળા આંગણે જઇને પોતાના હૈયાની ઊર્મિ વહાવી છે તેમાં હેતુ વિનાના હેતનું દર્શન થાય છે. એક અનોખી તથા આગવી પરંપરાને સાચવીને ઝળહળી રહેલી દાન મહારાજની દોઢીએ કવિની દિલની મોજ સહેજે છલકાય છે. કવિને આ જગાના જ્યોર્તિધરોની ટૂકડો આપીને હરિને હુકડો કરવાની પરંપરાનું ભારે ગૌરવ છે. ચલાળાના આંગણે ઊગેલા તથા મહોરેલા આંબાને કવિ વધાવે છે.

ટુકડો આપીને હુકડો કીધો
અવિનાશીને એણે રે
અલગારી કહે આંચ ન આવે
જેણે નિરખ્યાં દેવળ જેણે રે..

સર્જક ક્યારેક કાળના કપરા પ્રવાહમાં મુંઝારો પણ અનુભવતો હોય છે. સાધન સગવડ ભલે કદાચ ઓછા હોય તો પણ સર્જકને – કવિને તેનો રંજ નથી. પરંતુ ''વાત માંડવાના ઠેકાણા'' જ્યારે ઓછા થતા જાય ત્યારે કવિની વેદના તેના શબ્દોમાં પ્રગટી જાય છે.

ખૂટી ગયા છે ખલકમાં
સમજુને શાણા
નબળાને કેવાય નહિ
રીડ રુદીઆ રાણા.

દાન અલગારીની એક ઓળખ એ તેમનો સ્વમાની સ્વભાવ છે. કવિ કોઇને ઉતાળવે નમી પડે તેવા નથી. સામા પૂરે તરવાની હામ હૈયામાં સાચવીને તેઓ જીવ્યા છે. આમ છતાં નમન કરવાના ઠેકાણા પણ કવિએ હૈયા ઉકલતથી તથા અંતરની શ્રધ્ધાથી બરાબર પારખ્યા છે. આથીજ કવિ સાળંગપુરના દેવને સહેજમાંજ નમી પડે છે.

સાળંગપુરના દેવ સત્ય છો
સાંભળજો આ વાતલડી
કષ્ટભંજન તમે દુઃખડા કાપો
અરજી છે બસ આટલડી.

દાન અલગારી સદેહે આપણી વચ્ચે રહ્યાં નથી તે ગમે નહિ તેવી વાસ્તવિકતા છે. છતાં એ વાતનો વિશ્વાસ પણ છે કે દાન તેમના મોંઘામૂલા સર્જનો થકી આપણી વચ્ચે કાયમ જીવતાં અને ધબકતા રહેવના છે. કાળના વહેતા પ્રવાહમાં તેમનું વ્યક્તિત્વ ઝાંખું પડે તેવું નથી.

માણસ બદલાય છે, માણસને માપવા માટેની ફૂટપટ્ટી નહીં..!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

'જગતનું સૌથી મોટું આશ્ચર્ય ક્યું ?' એવો પ્રશ્ન જો કોઇ મને કરે તો મારો જવાબ આવો હોઇ શકે.. 'દુનિયામાં દરેક માણસ સામેની વ્યકિતને કારણવગર માપતો રહે છે.અન્યને માટે અભિપ્રાયો આપતો રહે છે..આ એક વિસ્મય છે..' આપણા સહુનો આ અનુભવ છે..જાણેઅજાણે આપણે બધા અન્યને માટે જાતજાતની ધારણાઓ બાંધતા રહીએ છીએ..તક મળે ત્યાં એને વ્યકત પણ કરતા રહીએ છીએ..માણસમાત્રની આ નબળાઇ છે...

આપણે જયારે કોઇના માટે કોઇ તારણ આપીએ છીએ ત્યારે કેવળ એકાંગી બની જતા હોઇએ છીએ.જગત પરિવર્તનશીલ છે..પ્રતિ પળ એ બદલાતું રહે છે..ગઇકાલે જે માણસ નાનકડો કિશોર હતો એ આજે પરિપકવ યુવાન બની ગયો હોય છે..આપણા હાથ નીચે ભણેલો વિદ્યાર્થી કોઇ મોટો અધિકારી કે નેતા બની ગયો હોય છે..આ બધા સહજ જીવનક્રમ હોય છે..આમછતાં આપણે માણસની જુની છબીને જ પકડી રાખીએ છીએ અને એ રીતે જ જુના સંદર્ભો થકી એનું મૂલ્યાંકન કરતા રહીએ છીએ..જગતમાં બધું જ બદલાય છે..આપણી માપપટ્ટી એની એ જ રહે છે.

હમણાં એક કાર્યક્રમમાં સ્ટેજ ઉપરથી એક વકતા અદ્ભુત વકતવ્ય આપી રહયા હતા.એમને સાંભળવામાં બધા તલ્લીન હતા..એકાદ જણ એનાં વખાણ કર્યાં..તુરતજ બાજુમાં બેઠેલા એક અજાણ્યા ભાઇએ તુરત જ અણગમો વ્યકત કર્યો અને બોલ્યા.." આ મારો કોલેજનો મિત્ર છે.અમે સાથે ભણતા..એને બોલતાં આવડતું જ નહીં.હું શીખવાડતો..કોલેજની વકતૃત્વ સ્પર્ધાઓ અને કાર્યક્રમોમાં હંમેશાં એ મારી પાછળ રહેતો..!'' તદન અજાણ્યા માણસો સમક્ષ પોતાના મિત્ર સામે તહોમતનામું મુકતાં એમને કોઇ વસવસો થયો નહીં..અમે સૌ એ માણસને જોઇ રહયા..આમાં એમને શું આનંદ મળ્યો હશે ? માણસોના મનમાં કેવો કેવો કાટમાળ ભર્યો હોય છે.!

એક માણસ બીજા સાથે આવું કરે એની પાછળ ઇર્ષ્યા તો હોય જ છે પોતાની લઘુતા પણ હોય છે..પોતે જીવનમાં કશું ના કરી શકયાનો એક રંજ પણ એમાં હોય છે...આ બધા ઉપરાંત જો કોઇ સૌથી એમાં મહત્વનું પરિબળ હોય તો એ છે એ વ્યકિત ઉપરનો છુપો માલિકીભાવ..માણસ અંદરખાને પોતાના માટે અસલામતિ અનુભવતો હોય ત્યારે પણ આ રીતે બીજાને માટે નિર્ણય આપતો રહે છે..કોઇકની નાની સરખી મર્યાદાને વરસો સુધી યાદ રાખતો માણસ એ જ વ્યકિતની ઉડીને આંખે વળગે એવી કોઇ સિધ્ધિને જાણે જોઇ જ શકતો નથી..

માણસ જયારે સંઘર્ષ કરતો હોય છે ત્યારે જગતની અડચણો કે અભાવો સામે લડવામાં એ પાછો પડતો નથી પણ એને જે ચીજની તલાશ હોય છે એ છે કોઇકની હૂંફ કે લોકો તરફથી એને મોતી દાદ..સામાન્ય રીતે આપણે સહુ કોઇ પણ માણસની સફળતાને એટલી આસાનીથી મહોર મારતા નથી હોતા..આપણી સંકુચિત માનસિકતા એ વખતે આપણી ઉપર સવાર થઈ જાય છે..પરિણામે આપણે કોઇક પરિશ્રમી વ્યકિતની બિરદાવવા જેવી બાબતને પણ અસૂયાની એરણે ચડાવતા રહીએ છીએ..

મોટાભાગે માણસો પોતાના માની લીધેલા માપદંડો કે પોતાના પરિચિત વલણથી જ સામેની વ્યકિતને મૂલવે છે.વ્યકિતનો બાહય દેખાવ નોકરી સંપત્તિ વાકચાતુર્ય જેવા પરિબળો એમાં ભાગ ભજવે છે..સામાન્ય માણસનાં પડેલી અસામાન્ય શકિતોને આપણે સમજી શકતા નથી અને એ રીતે આપણે જેને સાધારણ ગણી મનમાં એની એક ઇમેજ લઈને ફરતા હોઇએ છીએ એનાથી છુટકારો પામી શકતા નથી.

આપણને મોટે ભાગે સફળતાનો જે કંડારાઇ ગયેલો માર્ગ હોય છે એનાં જ વખાણ કરતા રહીએ છીએ..આપણી નજરમાં કેટલીક કેડીઓ સાધારણ હોવાનો એક મિથ્યા ખયાલ હોય છે...ઘણીવાર જાણીતા રસ્તાઓ કરતાં નાની કેડીઓ જીવનપથને શોધવામાં વધારે કાબેલ પુરવાર થતી હોય છે.

કોઇની પણ સિધ્ધિ કે આવડત એમ રાતોરાત પ્રાપ્ત થયેલી હોતી નથી..દુનિયાની દરેક શોધ દરેક આવડત દરેક સફળતા માટેના નિયમો સરખા જ હોય છે .વ્યકિત સામાન્ય હોઇ શકે ઘણીવાર એનો સંઘર્ષ અસામાન્ય હોય એમ પણ બને..આપણી પાસે એને માપવાની જે ફૂટપટ્ટી હોય છે જૂની પુરાણી જ રહે છે..અને એટલે જ આપણી દ્રષ્ટિએ સાધારણ લાગતો માણસ કોઇક સિધ્ધિ મેળવે ત્યારે આપણે એને માપવામાં ટૂંકા પડતા હોઇએ છીએ..!

(rrthakkar2@gmail.com)